## આંતર જિલ્લા ફેરબદલીના નિયમો હેઠળ કર્મચારીએ આપવાની કબુલાતનો નમૂનો.

આથી હું ............................................................................. હોદ્દો
.................................... સંવર્ગ ......................... જિલ્લો ................................ મારી સ્વખુશીથી
આ કબુલાત લખી આપું છું કે, :-

(૧) ગુજરાત પંચાયત સેવા (નોકરોનો બદલી) નિયમો-૧૯૯૫ હેઠળ ................................ જિલ્લામાં મેં ધારણ કરેલ સંવર્ગમાંથી ........................... જિલ્લામાં તે જ સંવર્ગમાં બદલીથી જવા માટે વિનંતી છે.

(૨) ................................ જિલ્લામાંથી મારા સંવર્ગમાંની શ્રેયાનતાનો હક્ક હું કાયમ માટે જતો કરૂં છું અને ભવિષ્યમાં નિયમોની વિરુધ્ધ હોય તેવો આ જિલ્લામાંથી મારી જગ્યા અંગેનો અને તેમાંથી ઉપસ્થિત થતાં શ્રેયાનતા અને કોઇ હક્કો અંગેનો કોઇ દાવો હું કરીશ નહિ.

(૩) ................................ જિલ્લા પંચાયત હેઠળ બદલીના આદેશો થયેથી તે કારણે તે જિલ્લામાં જે તારીખે હું હાજર થાઉં તે તારીખે તે સંવર્ગની ચોખ્ખી ખાલી જગ્યાની શ્રેયાનયાદીમાં સૌથી છેલ્લા ક્રમે મુકવામાં આવશે તે મને કબુલ મંજુર છે તથા તે સંવર્ગની તે તારીખથી શ્રેયાનતામાં છેલ્લા ક્રમ ધારણ કરતા કર્મચારી ઉપર મારી શ્રેયાનતાનો કોઇ દાવો કરીશ નહીં.

(૪) ................................ જિલ્લામાં આ આંતર જિલ્લા ફેરબદલીના કારણે મારો સમાવેશ થયેથી તે પછીથી ઉપસ્થિત થનાર કોઇપણ સંજોગોના કારણે તે સંવર્ગમાં ચોખ્ખી જગ્યાનો અભાવ થશે તો તે સંજોગોમાં મારે નોકરીમાંથી છુટા થવું પડશે તે હકીકત હું જાણું છું તથા તે પ્રમાણે અમલ કરવાનું મને કબુલ મંજુર છે. આ અંગે પાછળથી કોઇ તકરાર કે મારી તે જિલ્લામાં સમાવેશ થયા પહેલાંની તે અગાઉના જિલ્લાની નોકરી અંગેનો કોઇ હક્ક દાવો ઉઠાવીશ નહીં.

(૫) ................................ જિલ્લામાં આંતર જિલ્લા ફેરબદલીના કારણે તે જિલ્લામાં શ્રેયાનતામાં જગ્યાના અભાવના કારણે હું હંગામી બનું તથા મારી જગ્યા હંગામી બને તે મને કબુલ મંજુર છે.

(૬) આ આંતર જિલ્લા ફેરબદલી મારી માંગણી / વિનંતીથી કરવાની હોઇ, નિયમો મુજબ મને માંગણીથી બદલીવેળાએ મળવાપાત્ર હોય તે સિવાયના વધુ કોઇ વાટચાલના દિવસો મળી શકશે નહિ, તે હું જાણું છું અને તે મને કબુલ મંજુર છે.

(૭) આ આંતર જિલ્લા ફેરબદલી મારી માંગણી/વિનંતીથી કરવાની હોઇ, બદલી અંગેનો કોઇ ખર્ચ, વળતર કે ભથ્થું મળવાપાત્ર નથી, એ હકીકત હું જાણું છું અને તે મને કબુલ મંજુર છે.

(૮) હું આ જિલ્લા પંચાયત હેઠળ પંચાયત સેવાનો ડીસ્ટ્રીકટ કેડર / તાલુકા કેડરનો નિયમિત / કરાર આધારીત કર્મચારી છું. આ જિલ્લા પંચાયત હેઠળ મારે કોઇ કરાર કે બોન્ડ હેઠળ નક્કી થયેલ ફરજો બજાવવાની બાકી નથી કે તે અંગે કોઇ લેણું બાકી નથી. મારી આ જાહેરાત ભવિષ્યમાં ખોટી ઠરે તો નિયમો મુજબ જિલ્લા પંચાયત જે કાર્યવાહી કરે તે મને કબુલ છે.

(૯) અમોએ આંતર જિલ્લા ફેરબદલીના નિયમો હેઠળ સ્વવિનંતીથી જિલ્લા ................................ માં જવા તા. ................................ ની અરજીથી માંગણી કરેલ છે તે અન્વયે મંજુરી મળશે તો તે મંજુરી હું કોઇપણ સંજોગોમાં રદ કરવા માંગણી કરીશ નહીં, જેની આથી ખાતરી આપું છું.

આથી હું પ્રતિજ્ઞાપૂર્વક જાહેર કરૂં છું કે, ઉપર પ્રમાણે મેં જે વિગતો જણાવી છે તે બિલકુલ સાચી છે અને તેમાં કોઇ વિગતો છુપાવી નથી કે છુપાવવાના પ્રયત્નો કરેલ નથી. સાચી માહિતી છુપાવવાનું કે તે ખોટી હોવાનું સાબિત થાય તો મારી સામે પંચાયત સેવાના વર્તણૂંક નિયમોના ભંગ બદલ શિસ્ત અને અપીલ નિયમો મુજબની કાર્યવાહી થાય તે મને કબુલ મંજુર અને બંધનકર્તા છે.

સહી :

સ્થળ : નામ :

તારીખ : હોદ્દો :

હાલ જે કચેરીમાં કામગીરી કરતા હોય તે કચેરીનું નામ.: